

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*મહારાઠા રાજવીઓ ગયા હતા યુદ્ધના નગારે!*
*તૂટી જશે આપણી સરકારો ચૂકવી - પગારે !*
*છે અખબારે, મોટી સરકાર ભવ્ય બાંધકામે -*
*પણ કહેશે દુનિયા, તૂટ્યું અર્થતંત્ર - તગારે*

હાઈકુ

*આવ્યો છે ફરી !*
*દિલ્હીના તખ્ત પર -*
*મોગલ વંશ?*

*જામી દેશમાં -*
*'સ્પર્ધા સૌથી મોટું'ની -*
*બધી બાબતે...*

### ચિંતન

*પવિત્રં તે વિતતં બ્રહ્મણસ્પતે પ્રભુર્ગાત્રાણિ પર્યેષિ વિશ્વતઃ ।*
*અતપ્તતનૂર્ન તદામો અશ્નુતે શ્રતાસ ઈદ્વહન્તઃ સં તદાશત ॥*

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

આ સંસાર શુભ, મંગલકારી અને મધુર પદાર્થોથી ભરેલો છે, પરંતુ એ પદાર્થો માત્ર એવા લોકો ને જ પ્રાપ્ત થાય છે કે જેઓ તપ દ્વારા તેનું સાચું મૂલ્ય ચૂકવવા માટે તૈયાર રહે છે. વિવેકપૂર્ણ તપ દ્વારા વિદ્યા, ધન વગેરેની પ્રાપ્તિ થાય છે.

જીવન પથ ઉપર ચાલતાં ચાલતાં આવનાર સંકટો કે મુશ્કેલીઓથી વિચલિત થયા વગર જ પોતાની પૂરેપૂરી ક્ષમતા અને પ્રતિભાથી મુશ્કેલીઓને પાર કરી લેવી તેનું જ નામ તપ છે.

એને માટે કરવામાં આવેલા શ્રદ્ધાપૂર્વકના પુરુષાર્થને જ તપ કહેવામાં આવે છે.

### સુવિચાર

- ઈન પલકોં કો શિકાયત કયોં દર્દ સે હો, ખ્વાબ જબ કાંચ દેખા થા, તો ચુભના લાઝમી થાય - **પ્રેમકુમાર જોશી**
- સંતની શાણી શિખામણના ભરોસે બેઠા, રણમાં જાણે બિયારણ ના ભરોસે બેઠા, દુર્દશા હદથી વધી ગઈ તો જુઓ કયાં પહોંચ્યા, આંગણું છોડી પટાંગણના ભરોસે બેઠા - **અશરફ ડબ્બાવાલા**
- આપણાં બધાં જ પ્રયોજનમાં હેતુ છે, કર્મ કરતી વખતે કારણ વિનાનું વહેવું જોઈએ - **જીવન પાથેય**
- પ્રામાણિકતા, પવિત્રતા, પ્રમાણ, પ્રેરણા અને પરિણામ આપી શકે તે જ સાચો શિક્ષક - **મોરારિ બાપુ**
- પ્રેમ કયારેક શ્રદ્ધાનું રૂપ લે છે, કયારેક વિશ્વાસનું રુપ લે છે, કયારેક સેવાનું રૂપ લે છે - **અખંડ આનંદ**
- આપણી આંખો ભીની થાય તો પ્રત્યેક તિથિ રામનવમી બની શકે - **માનસ સૂત્ર**
- આજનું ઔષધ : પીસ્તા ખાવાથી ઘા જલ્દી રુઝાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અભિનેતા સી. ફિલ્ડઝ વિખ્યાત થયા. ફિલ્મ લાઈન છોડ્યા પછી તેઓ ઘરના બગીચામાં બેસતા. અને ફુર્સતના સમયના પવિત્ર બાઈબલ વાંચતા. એક વાર તેમના મિત્ર તેમને મળવા આવ્યા. એમણે પૂછ્યું, 'કેમ છો? કેવી ચાલી રહી છે જિંદગી ?' ફિલ્ડઝે કહ્યું. 'દોસ્ત, હું તો ઉપરવાળાની કાયદાપોથી વાંચુ છું.' મિત્રએ આશ્ચર્ય સાથે પૂછ્યું, 'કાયદાપોથી?' ફિલ્ડઝે કહ્યું, 'હાજી, ઈશ્વરની કાયદાપોથી. કારણ કે હવે મારો ઈશ્વરની અદાલતમાં જવાનો સમય નજીક આવ્યો છે. ત્રણ નોટિસ આવી ચૂકી છે.' મિત્રએ પૂછ્યું, 'ત્રણ નોટિસ?' ફિલ્ડઝે હસતાં હસતાં કહ્યું, 'જુઓ, દાંત પડી ચૂક્યા છે એ પહેલી નોટિસ, વાળ સફેદ થયાં તે બીજી, આંખે મોતિયો આવ્યો તે ત્રીજી નોટિસ... આમ એક પછી એક નોટિસ આવ્યા જ કરે છે. વહેલાં કે મોડા ત્યાં ગયા વિના છૂટકો છે? એટલે અભ્યાસથી ઈશ્વરની કાયદાપોથી વાંચવા માંડી છે. કાયદાપોથીમાં કેવા કેવા કાયદા છે કેવી કેવી સજા છે. વગેરે વગેરે અગાઉથી તપાસી રાખ્યું હોય તે સારું ને?'

મિત્રને ફિલ્ડઝની માર્મિક વાત ગળે ઊતરી ગઈ.

# આવતીકાલના ભારતના અરમાનોનો શિલાન્યાસ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અવનવાં આયોજનો કરતા રહે છે. એ કલ્પનાશીલ રાજનેતા છે. જૂના કાયદાઓથી માંડી જૂની પ્રણાલિકાઓ અને જૂનાં સરકારી ભવનો સુધ્ધાં અદ્યતન સ્વરુપમાં ઢાળીને અથવા વિકલ્પે નવા કાયદા, નવી પ્રણાલિકાઓ અને નવા ભવનોનું નિર્માણ કરીને તેઓ અત્યાર સુધીના તમામ રાજકીય નેતાઓ કરતાં કશુંક આગવું અને 'મોદી બ્રાન્ડ' કરવામાં માને છે. ગુજરાતના મુખ્યમંત્રી પદે રહેતાં એમણે નવા સચિવાલયમાં બેસતી સરકાર માટે સ્વર્ણિમ સંકુલો બનાવ્યાં અને મુખ્યમંત્રી માટે તો જડબેસલાક સુરક્ષાવાળો અભેદ્ય કિલ્લો જ બની ગયો. હેલિપેડ ઉપરથી ઊપડતા હેલિકોપ્ટર માટે સંકુલ પાસે જ નવું હેલિપેડ બનાવડાવ્યું. કરોડોના ખર્ચે કયારેય આ નવાં બાંધકામ એમનાં અનુગામી આનંદીબેન પટેલ તથા આજના ગુજરાતના મુખ્યમંત્રી અને એમની સરકારમાં વારસામાં આપી પોતે દેશનું સુકાન સંભાળવા દિલ્હી ગયાં ત્યાં પણ જે કંઈ જૂનું લાગ્યું એને બદલવાનો એમનો અભિગમ ચાલુ જ રહ્યો. વડાપ્રધાનના નિવાસસ્થાન પાસેથી પસાર થનાર માર્ગનું નામ પણ એમણે રેડકોર્સ રોડને બદલી જનકલ્યાણ કે લોકકલ્યાણ માર્ગ કરાવી દીધું. પરંતુ મૂળભૂથ રીતે સ્વયંસેવક હોઈ તેઓ સંગઠનને ભૂલ્યાં નથી. એમની સૌથી મહત્ત્વની કામગીરી ભારતીય જનતા પાર્ટી સ્તરે ગુજરાતમાં ભાજપની ખાનપુર ઑફિસને ગાંધીનગર નજીક કોબા પાસે 'કમલમ્' સ્વરુપે અને દિલ્હીમાં પણ મોટા કોર્પોરેટ હાઉસ જેવી નવા બિલ્ડિંગ સ્વરુપે સાકાર થયેલ છે. આપણું સંસદ ભવન બ્રિટિશ રાજ વખતનું છે જેની ડિઝાઈન આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા આર્કિટેક્ટ સર લુટિયન દ્વારા સંપન્ન થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બદલાયેલાં સંજોગોમાં ટેકનોલોજીની આધુનિકતમ સુવિધાઓથી સજ્જ નવું સંસદભવન બનાવવાનો સંકલ્પ કર્યો. ગાંધીનગર ખાતે જેમ 'સેન્ટ્રલ વિસ્ટા' વિકસાવી હતી એથી અનેક ગણી સુશોભિત સેન્ટ્રલ વિસ્ટા રાષ્ટ્રપતિભવનથી ઈન્ડિયા ગેટ વચ્ચેના જનપથ માર્ગ પર સેન્ટ્રલ વિસ્ટા અબજોના ખર્ચે નિર્માણ પામશે જેના કેન્દ્રમાં નવું સંસદભવન હશે. હજારેક કરોડના ખર્ચે તૈયાર થનાર આ નવા સંસદભવન ભવન અત્યારના સંજોગોમાં જરૂર ખરી ! - એવા પ્રશ્નો અલબત્ત ઊઠતા રહ્યા છે અને વિપક્ષોને એ ચૂંટણી મુદ્દો પણ મળી ગયો છે, પરંતુ મોદી એ મોદી છે. એક વાર એમના મગજમાં વિચાર ઝબૂક્યો એને અમલમાં મૂકીને જંપે છે. એમણે નિર્ધારિત કાર્યક્રમ અનુસાર જ નવા સંસદભવનનો શિલારોપણ વિધિ પણ સંપન્ન કરી દીધો. નિર્માણ કાર્ય રતન ટાટાની કંપનીને સોંપાયેલ હોઈ કોરોના ગાઈડ લાઈન અનુસાર બસોથી વધુ લોકોને નિમંત્રણ ન અપાયું. પરંતુ જે મહત્વના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં એમાં રતન ટાટાનો પણ સમાવેસ થતો હતો. મોદી ભવિષ્યના ભારતનું નિર્માણ કરવા માગે છે. સાંસદોની સંખ્યા વધારવી પડે એવા સંજોગોમાં હાલનું સંસદ ભવન નાનું પડે એવી એમની ગણતરી સામે કોઈની દલીલ ચાલી નથી. વિપક્ષો અને પર્યાવરણવિદો દ્વારા કરાયેલા રીટને અનુસરી હાલ કોઈ નવું નિર્માણ કે તોડફોડ કે વૃક્ષોને પુનઃસ્થાપિત કરવા પર સુપ્રીમનો સ્ટે ઓર્ડર આવેલ હોવા છતાં એમને શિલાસ્થાપન અને પેપરવર્ક તો આગળ ધપાવ્યું જ છે. જો કે સુપ્રીમ કોર્ટે પણ સમજે છે કે સરદાર પાસે સાંસદોનું જંગી બળ છે અને એ મુજબ મોદી કોઈથી રોક્યા રોકાવાના નથી જ. સુપ્રીમ કોર્ટે શિલારોપણ કરવાની છૂટ આપવી પડે તે જ શું શૂચક નથી? સૂરજેવાલા જેવા કોંગ્રેસી પ્રવક્તા દિલ્હીની સરહદો પર કાતિલ ઠંડીમાં ધરણાં કરી રહેલા ખેડૂતાનો હવાલો આપીને કાગારોળ કરે એથી મોદી એમના નિર્ધારિત કાર્યક્રમમાં થોડા પીછેહઠ કરે ? આખરે એ નરેન્દ્ર મોદી છે. ઈતિહાસ એમને જરા જુદી રીતે પણ યાદ તો રાખશે જ.

# અપને કિયે કી સજા તો હર ઈન્સાન કો ભુગતની હી પડતી હૈ



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**અપને કિયે કી સજા તો હર ઇન્સાન કો ભુગતની હી પડતી હૈ**

- લાવારિસ

૧૯૮૧માં પ્રકાશ મહેરા દિગ્દર્શિત અને અમિતાભ બચ્ચન અભિનીત આ ફિલ્મ યાદગાર ફિલ્મોમાંની એક ફિલ્મ છે. ૧૯૮૧ની સૌથી વ્યાવસાયિક રીતે પણ સૌથી સફળતમ ફિલ્મ "લાવારિસ" જ હતી. "મેરે અંગને મે..." ગીત તો અતિપ્રચલિત થયુ હતું.

કાદરખાને લખેલા અને અમિતાભના અવાજે બોલાયેલા સંવાદોનું તો કહેવું જ શું ! આ ફિલ્મને બેસ્ટ એક્ટર, બેસ્ટ સપોર્ટીંગ એક્ટર અને બેસ્ટ ગાયિકાનાં નોમિનેશન્સ પ્રાપ્ત થયા હતા. અલકા યાજ્ઞિકે આ ફિલ્મમાં પ્રથમવાર ગીત ગાયું હતું.

અમજદ ખાન, પરવીન બાબી, સુરેશ ઓબેરોય જેવા સિદ્ધસિહસ્ત કલાકારો દ્વારા આ ફિલ્મ અત્યારે પણ પ્રેક્ષણીય છે. આ ફિલ્મ ૧૯૮૨માં તેલુગુમાં એન.ટી.આર. સાથે આ ફિલ્મણી રિમેક બની હતી, અને ૧૯૯૦માં તમિલમાં રજનીકાન્ત સાથે આ ફિલ્મની રિ-મેક બની હતી.

આપણાં સંસ્કૃત સાહિત્યમાં કથા-સાહિત્ય વિપુલ પ્રમાણમાં છે. પંચતંત્રમાં આ જ પ્રકારની ફિલસૂફિ દર્શાવતી એક પંક્તિ મળી આવે છે.

**અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ શુભાશુભમ ।**

આપણે કરેલાં સારાં કે ખરાબ કર્મોનું ફળ ચોક્કસ ભોગવવું જ પડે છે.

કરેલું ક્યારેય ફોગટ નથી જતું, આ વાત દરેક જગ્યાએ લાગુ પડે છે. સંસ્કૃત સાહિત્ય તો હંમેશથી જ કર્મફળનું મહિમામંડન કરતું જ આવ્યું છે. વસ્તુતઃ આપણું દરેક સાહિત્ય જ એવી રીતે રચાયુ છે કે, વાર્તા-કથા-કાવ્ય વાંચવાની સાથે સાથે સંસ્કારો અને મૂલ્યોની વાત પણ ગૂંથાઈ જ જતી હોય છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

## શાહબુદ્દીન રાઠોડના જન્મદિને ઑનલાઈન ક્વીઝ કાર્યક્રમ યોજાયો



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય'

● મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાન, ગાંધીનગર દ્વારા, ભારતના અદ્વિતીય ઉત્કૃષ્ટ સંવિધાનના ઘડવૈયા- શિલ્પી, સિમ્બોલ ઓફ નૉલેજ;સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના અમોલ ત્રિસૂત્રની દુનિયાને ભેટ ધરનાર, શિક્ષિત બનો સંગઠિત બનો અને સંઘર્ષ કરો ની મહાન જેહાદ જગાવનાર યુગપુરુષ,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણદિનની પુણ્યતિથિને અનુલક્ષીને, તા.૬-૧૨-૨૦૨૦ના રોજ ઓનલાઈન, એક ગુજરાતી કવિ સંમેલન આયોજિત કરી, ડૉ.બાબા સાહેબ આંબેડકરજીને શ્રદ્ધાંજલિસહ શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન, ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર ડૉ.ધીરુભાઈ ડોડીયાના હસ્તે; અતિથિવિશેષ શૈલેષ વાણીયા 'શૈલ'ની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ કવિ ડૉ. ગુલાબચંદ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. સરસ્વતી વંદના ડૉ.મીના પરિહાર દ્વારા કરવામાં આવી હતી.આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ૩૬ કવિઓ જોડાયા હતા અને પોતાની અવનવી રચનાઓથી પૂજ્ય ડૉ.બાબાસાહેબને નવાજીને શબ્દસુમન અર્પણ કરાયાં હતાં. કાન્તીભાઈ આઈ.પટેલ,એડવોકેટ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

●●●

હાસ્ય કલાકાર શાહબુદીન રાઠોડના જન્મદિન તા.૯-૧૨-૧૯૩૭ અન્વયે 'જન્મજયંતિ વિશેષ'નો એક ઑનલાઈન ક્વીઝ શ્રેણી-૧૨૪ નો કાર્યક્રમ,ટીમ મંથન ગૃપ અને જ્ઞાનધારા ગૃપના સંયુક્ત ઉપક્રમે, 'વિશેષ દિન ક્વીઝ ગૃપ' દ્વારા તા.૧૦-૧૨-૨૦૨૦ ના રોજ, શૈલેન્દ્રસિંહ આર. ગોહિલ- વિશેષ દિન ક્વીઝ ગૃપના ઍડમીન; પ્રો.ડૉ.રાજેશ આર. કાગરાણા-જ્ઞાનધારા કન્વીનર તથા શૈલેષ એન. પ્રજાપતિ- ટીમ મંથનના મોટીવેટરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

(M)9824236893
- muljibhaidadhi@gmail.com

# અમેરિકાના અમૂલ્ય તથા અનોખા પ્રમુખ : એબ્રાહમ લિંકન



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ઓગણીસમી સદી તેના ઉત્તરાર્ધમાં પ્રવેશી ચૂકી હતી ત્યારનો એ સમય હતો. લિંકન તેના વિચારોની સ્પષ્ટતા કરવા માટે અમેરિકાના રાજ્યોમાં ફરી રહ્યા હતા. આ અરસામાં લિંકનને ઝીણવટભરી નજરે જોઈને કોઈએ લખ્યું :

"એથી (લિંકનથી) વધારે વિચારમગ્ન ચહેરો મેં કદી જોયો નથી. એથી વધારે ગમગીન ચહેરો મેં કદી જોયો નથી. એથી વધારે ગૌરવયુક્ત ચહેરો મેં કદી જોયો નથી.'

ગુલામીના વ્યાપક દુષણ સામે એબ્રાહમ લિંકનની લડાઈ હતી. લડાઈ જીવસટોસટની હતી. પરંતુ અલગ વિચારધારા ધરાવનારા લોકો પ્રત્યે તેના દિલમાં સહેજ પણ કડવાશ ન હતી. જે વાત મહાત્મા ગાંધી કરવાના હતા. જે વાત નેલ્સન મંડેલા કરવાના હતા તેજ વાત આ વિચારશીલ પુરુષ કોઈપણ જાતના ડંખ સિવાય અનેક અમેરિકન નાગરિકો સમક્ષ સ્વસ્થ ચિત્તે તેમજ સ્થિર મતીથી કરી રહ્યા હતા. ગુલામી એ સમગ્ર માનવસમાજ પરનું ભારે કલંક છે તે વાત તર્કબધ્ધ રીતે સમજાવવાનો તેનો પ્રયાસ હતો. તેને ઉતાવળે કે ટૂંકા રસ્તે પોતાનું લક્ષ પાર પાડવામાં રસ ન હતો. નાગરિક સ્વાતંત્ર્ય માટેનું ધ્યેય એ લિંકનની ધબકતી ચેતનાનું અભિન્ન અંગ હતું. યુનાઈટેડ સ્ટેપ્સનું વિભાજન કે વિઘટન થાય તે વાત તેને મંજૂર ન હતી. વિભાજન એ વ્યથા કે કાયમી કડવાશ ઊભી કરે છે એ વાત લિંકન સમજી શક્યા. ગાંધી પણ સમજી શક્યા હતા.

ઐતિહાસિક રીતે યુનાઈટેડ સ્ટેપ્સના કેટલાક રાજ્યોમાં કાયદાથી ગુલામોને રાખવાનો હક્ક આપતા હતા. આ સ્થિતિમાં સમજાવટથી કાયદાની સ્થિતિમાં બદલાવ તેમજ માનવીના મનની ગ્રંથિઓને ભેદવાની તેની રીત હતી. કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિને ગુલામ ન બનાવી શકે તેનું તારણ લિંકન સોક્રેટિસ જેટલીજ તર્કસંગતતાથી લોકોને સમજાવતા હતા. યુનાઈટેડ સ્ટેપ્સના સંઘરાજ્યનું વિઘટન કરીને ગુલામીપ્રથાને નાબૂદ કરવાની વાતને લિંકનનું સમર્થન ન હતું. એબ્રાહમ લિંકનની રસપ્રદ કથા મણીભાઈ ભ. દેસાઈએ પ્રવાહી શૈલિમાં તેમજ વિગતોની પૂરી જાણકારી સાથે લખી છે. (પ્રકાશક : નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ) લિંકનની ભાતીગળ કથાના પુસ્તકની ટૂંકી છતાં સચોટ પ્રસ્તાવના મોરારજી દેસાઈએ ઓક્ટોબર-૧૯૭૯માં લખી છે. પોતે વડાપ્રધાન હતા તે દરમિયાન સમય કાઢીને મોરારજીભાઈએ પ્રસ્તાવના લખી છે. મોરારજીએ લખ્યું છે કે તેમના મત પ્રમાણે એબ્રાહમ લિંકન અમેરિકાના પ્રમુખોમાં સહુથી મહાન હતા. લિંકનની સત્ય પરત્વેની અખૂટ નિષ્ઠા તેમજ માનવતાના ઊંચા ધોરણોને કારણે યુનાઈટેડ જેવી મહાસત્તાની એકતા જળવાઈ તથા દેશની અખંડતા કાયમ રહી. જો લિંકન ન મળ્યા હોત તો યુનાઈટેડ સ્ટેપ્સના ભાગલા થયા હોત તેવું મોરારજીભાઈનું અવલોકન યથાર્થ છે. વકીલાત કરવાની લિંકનની પ્રથા પણ ગાંધી વિચારને સમાન છે. સત્યના ભોગે વકીલાતનો વ્યવસાય વિકસાવવાની કલ્પના લિંકનના મનમાં ઊંડે ઊંડે પણ ન હતી.

ગુલામીની પ્રથાનું સમગ્ર વિવરણ લિંકને અનેક વક્તવ્યોમાં તર્કબધ્ધ રીતે રજૂ કર્યું છે. જે લોકો આ પ્રથાને કાયદાનું પીઠબળ છે તેમ કહી બચાવ કરે છે તેમનેપણ તેઓ સમજાવે છે. તેઓ કહે છે કે જ્યાં ગુલામીની પ્રથા આજે મોજૂદ છે ત્યાં પણ પ્રથમ તો કાયદાના પીઠબળ સિવાયજ વિકસી હતી. આથી જે પ્રથા અસ્તિત્વમાં હતી તેના નિયમન કે નિયંત્રણ માટેના કાયદાઓ પાછળથી થયા હતા. આથી ગુલામી પ્રથાની તરફેણ કરતા યુનાઈટેડ સ્ટેઈપ્સના દક્ષિણના રાજ્યો તરફ લિંકનની નફરતની લાગણી ન હતી. દક્ષિણના લોકો તરફ પૂર્વગ્રહ ફેલાવવાનો લિંકને કોઈ પ્રયાસ ન કર્યો. તેઓ કહે છે કે બન્ને બાજુ – ઉત્તરના રાજ્યો તેમજ દક્ષિણના રાજ્યો – સારા તથા નબળા વિચાર ધરાવનારા લોકો છે. બાળપણમાં પોતાની માતાએ સમજાવેલી બાઈબલની કથાઓ તેમજ બાઈબલના પ્રેમ તથા કરુણાના સંદેશનો સાર લિંકનના મનમાં જાગૃત છે. આથી તે કહે છે કે સર્જનહાર પિતાની આ સૃષ્ટિમાં સર્વથા દુષ્ટ તથા જુલમી હોય તેવાતો જૂજ માણસોજ હોય છે. "સર્વ ઉપર મનુષ્ય'' ના ગાંધી વિચારનો પડઘો અહીં સંભળાય છે. હબસીને શાસનની લગામ સોંપવા સામે અણગમો સેવતા અનેક લોકોને તે કહે છે કે હબસી મનુષ્ય છે અને તેથી તેને શાસન કરવાનો પૂરો હક્ક છે. સર્વને હિતકર્તા હોય તેવું રાજકારણ મને ગુલામી પ્રથાની નાબુદી એ બન્ને બાબત લિંકનના જીવનમાં ચાલકબળ સમાન હતી. યુનાઈટેડ સ્ટેપ્સના તે સમયના સ્વરૂપને જોતાં તે કહે છે કે "અર્ધુ ગુલામીમુક્ત તેમજ અર્ધુ ગુલામીયુક્તહ્લહ્લ એવી રાજ્યવ્યવસ્થા ટકી શકે નહિ. ઘણી ખેંચતાણ પછી રિપબ્લીકન પક્ષના પ્રમુખપદ માટેના ઉમેદવાર તરીકે તેઓ પસંદ થયા તે એક ઐતિહાસિક ઘટના હતી. તદ્દન સામાન્ય સ્થિતિમાં જન્મ લેનારઅને સત્યના માર્ગે ચાલીને કોઈ વ્યક્તિ પ્રમુખપદની હરિફાઈમાં ટકી શકે તેજ ઈતિહાસની એક ઉજ્વળ ઘટના છે. ૧૮૬૦ના નવેમ્બરની છઠ્ઠી તારીખે અમેરિકાની પ્રજાએ પ્રમુખ ચૂંટવા માટે મતદાન કર્યું. ગુલામી પ્રથાની તરફેણ કરનારા લોકો લઘુમતીમાં આવી ગયા. દક્ષિણના આવા રાજ્યો સાથે રાષ્ટ્રીય હીતને નજરમાં રાખીને કામ પાર પાડવાની કપરી જવાબદારી એબ્રાહમ લિંકનના સિરે હતી. સૌના પ્રત્યે સદ્ભાવની નીતિના કારણે લિંકને એક નવા ઈતિહાસની રચના કરી. યુનાઈટેડ સ્ટેપ્સના રાજ્યસંઘની એકતાનું અમૂલ્ય ફળ એ લિંકન નામના સત્યનિષ્ઠ કર્મશીલની સમગ્ર વિશ્વને ભેટ છે. ઉદારતા અને સંવેદનશીલતાના આયુધથી તેઓ વિરોધી વલણના લોકોની સ્વીકૃતિ પણ મેળવી શક્યા છે. ઈશ્વર તેના ફિરસ્તાઓને તેમનું જીવન કાર્ય પૂરું થયા પછી પાછા બોલાવી લે છે તેમ કહેવાય છે. પત્ની સાથે નાટક માણવા ગયેલા અમેરિકાના આ પ્રમુખની પણ ૧૯૬૫ના એપ્રિલમાં કરપીણ હત્યા કરવામાં આવી. મહાન રશિયન સાહિત્યકાર અને સંત ટોલ્સટોએ પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું : "લિંકન માનવજાતનો સંત હતો''

# મૂડીવાદ અને સામ્યવાદને પેલે પાર ગાંધીવિચાર



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

## ગાંધી આઝાદી મેળવ્યા બાદ પર્ણ સર્વોદય પ્રયોજવા ઈચ્છતા હતા

ગાંધીજીએ પોતાના જીવન ફિલસૂફીના વિચારોમાં કેળવણીને અગત્યનું સ્થાન આપ્યું હતું. કેળવણી - રોજીરોટી - વ્યવસાય આ ત્રણેય બાબતોને સમજીને તેમણે પોતાના વિચારો શિક્ષણ પ્રણાલી કેવી વિકસવી જોઈએ તે તરફ બહુ સ્પષ્ટ રીતે દર્શાવ્યા છે.

ગાંધીએ કેળવણીની સાથોસાથ એ સમયમાં ઊભરી ચૂકેલી મુડીવાદી વ્યવસ્તા અને એની ાસમે હિંસા ક્રાંતિના માધ્યમે શરૂ થયેલી સામ્યવાદી પ્રવૃત્તિઓને પણ જોઈ શમજીને આ બંનેમાંથી માર્ગ કાઢ્યો હતો. ગાંધીજીએ મુડીવાડી વ્યવસ્તાના અનિયંત્રિત અને સ્વચ્છંદી વ્યક્તિ સ્વાતંત્ર્યને તેમજ એની સામેના છેડે સામ્યવાદીઓની હિંસા અને તેના ફરતેની રચાયેલી કેન્દ્રીત મારક સત્તાને જામતી રોકવા માટેના જાણે પ્રયાસો રજૂ કર્યા હતા. ગાંધીજી હિંસાના સ્થાને અહિંસા અને સ્વચ્છંદી સ્વાતંત્ર્યને બદલે બીજાની સ્વતંત્રતાને પણ ખીલવનારા સ્વાતંત્ર્યને નજર સમક્ષ રાખીને સંવાદ ધરી રચે છે. ગાંધીજી આર્થિક અને સામાજિક વ્યવસ્થાને વિકેન્દ્રીત ખેતી તેમ જ વિકેન્દ્રિત ઉદ્યોગો ઉપર રચવા માગે છે. એ હેતુસર તેઓ મર્યાદિત અંગત મિલ્કતની ભૂમિકા ઉપર ગ્રામઉદ્યોગો અને હાથઉદ્યોગની હિમાયત કરે છે. સામ્યવાદી રંગે રંગાયેલા રશિયાના સુધારાઓના આંદોલનો અને એની ત્વરીત સફળતાના બદલે માનવ ઈતિહાસને વધુ લક્ષ્યમાં લે છે. ખાનગી અંગત મિલ્કતોમાંથી સારામાં સારી ભૌતિક સુખાકારી ઉપલબ્ધ થાય અને સરવાળે ગ્રામીણ પ્રજાને પણ તેનો લાભ મળે એ તરફ વધુ ધ્યાન આપે છે. આ ઉપરાંત ખાનગી મિલકતો નૈતિક પરિણામે નિપજાવે એવી આશા પણ વ્યક્ત કરે છે.

આચાર્ય કૃપાલાણી તો એવો મત વ્યક્ત કરે છે કે ગાંધી ખાનગી મિલ્કત ધારકોની મોટી અંગત મૂડીને પણ એકઠી થતી રોકવા માટે વારસાવેરા અને મૃત્યુવેરા જેવા કરો કાનૂની નિયમનો રોકતા પણ ન રોકાય. જો કે આચાર્યની આ વાત સાથે સંપૂર્ણ સહમત ના થઈ શકાય કારણ ગાંધી તો કાયદાના બદલે સમજાવટથી કામ લેતા હતા. ગાંધી મોટા માલદારોનું હૃદય પરિવર્તન કરીને દેશના ગરીબ બાંધવો માટે ચોક્કસ સમજાવી દેત. કારણ કે ગાંધીના 'સર્વોદય' વિચાર આમાં જ પડેલો છે.

આચાર્ય કૃપાલાણી એક સવાલ આવશે એનો ગાંધી માર્ગે જવાબ આપતા લખે છે :

આચાર્ય જીવતરામ કૃપાલાણી તો એવો મત વ્યક્ત કરે છે કે, આધુનિક સુધારા માટે આવશ્યક એવા ઉદ્યોગનું શું? ગાંધીજીને અભિપ્રાય એવો છે કે, એવા ઉદ્યોગની માલકી તેમ જ કાબૂ ખાનગી નહીં પણ પ્રજાકીય વાં જોઈએ. વળી ખેતી અને ઉદ્યોગો એ બંને એકબીજાના પૂરક તેમ જ વિક હોવાં જોઈ એ. ઉદ્યોગોની પેઠે ખેતીની બાબતમાં ૫ ગાંધીજી અંગત મિલકત ગણાતી મોટી મોટી જમીનદારીઓની વિરુદ્ધ છે. અત્યારે ગાંધીજી મેટા ધંધાદારીઓ અને મોટા જમીનદારોની વિરુદ્ધમાં કામ, કરતા નથી દેખાતા, તે વ્યવહાર કારણને તથા તેમની લડત અને સુધારણાની પદ્ધતિને આભારી છે. કડવાશ, દબાણ કે હિંસાનાં તો - તે દાખલ કરવા માગતા નથી. તે સત્યાગ્રહ અને સવિનયભંગની પદ્ધતિથી કામ કરે છે. આ તબક્કે તે મોટા ધંધાઓ અને મોટી જમીનદારીઓ કે સામે સત્યાગ્રહની ચળવળ ઉપાડવાની સલાહ નથી આપતા તેનું કારણ એ છે કે, તેમની માન્યતા મુજબ પરદેશી અમલની રાજકીય દખલગીરી દર દેશે અને પ્રજા સ્વતંત્ર થશે, ત્યારે અહિંસક લડત ઉપાડ્યા વિના જ એ ધંધાઓ અને મેરી જમીનદારીઓ દૂર કરી શકાશે. ટોચ તરફ વધતા જતા કરવેરા અને મૃત્યુવેરા વડે એ ઈચ્છિત પરિણામ ક્રમાનુક્રમે લાવી રહેવાશે. એક વાર પ્રજા પાસે સત્તા આવી રહેશે, એટલે આ બધી વસ્તુઓ કાયદાકાનૂનથી જ તથા વર્ગ અને વર્ગવિગ્રહ છે જેવી મોટી મોટી લાગણીઓ ઉશ્કેર્યા વિના જ પાર પાડી શકાશે. પ્રાંતમાં કેટલીક મહાસભાવાદી સરકારોએ તાજેતરમાં પસાર કરેલ જમીન- અને ઋણ- રાહતના ધારાઓ આ નિર્ણયને પૂરું સમર્થન આપે છે. અને રાજકીય સત્તા પ્રાપ્ત કર્યા બાદ પણ જે જામી ગયેલા સ્વાર્થો માર્ગમાં આડે આવે, તે સત્યાગ્રહનું શસ્ત્ર વાપરવા માટે હંમેશ તૈયાર જ છે. દેશમાંના આંતરિક અન્યાય દૂર કરાવવા માટે આજની ઘડીએ સત્યાગ્રહનું શસ્ત્ર ઉપાડવા સામે મનાઈ ફરમાવે છે. આ સંબંધે સમજાવતા તેઓ કે સત્યાગ્રહનું શસ્ત્ર ઉપાડવું એ આપણી મુખ્ય લડત - સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડતમાંથી આપણું ધ્યાન દોરી વિખેરી નાંખનારું પરિબળ નીવડે. આપણા વિરોધીઓ આપણી રાજકીય સ્વતંત્રતાની લડતને તોડવામાં તેનો ગેરલાભ ઉઠાવે. ગાંધીજી તેમ છતાં એ સમયની પોતાની આર્થિક અને સામાજિક વ્યવહારની નીતિ એ રીતે સ્પષ્ટ કરે છે કે વિકેન્દ્રીકરણનો અર્થ એ નથી કે બંને ક્ષેત્રોમાં કોઈ પણ જાતની સહકારી પ્રવૃત્તિને અવકાશ જ ન હોય.

અત્રે એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે ગાંધીએ રાજકીય સ્વતંત્રતાની સાથે આર્થિક અને સામાજિક સ્વતંત્રતામાં પણ સમાનતા ઉદ્ભવે એવો વિચાર કર્યો હતો. કાળક્રમે એમના વિચારો મુજબનો ભારતીય સમાજ આપણે કાયદા થકી પણ મેળવી શક્યા નથી પરંતુ ગાંધીના મૂડીવાદી માલિકોની સમજાવટ તેમના પાંચમાં પુત્ર વિનોબાએ ભૂદાન યજ્ઞ દ્વારા લાખો એકર જમીન દાનમાં મેળવીન દર્શાવી આપ્યું હતું કે હૃદય પરિવર્તન ટોચે છે કાયદા નહીં.